# પર્યાવરણ અને કોરોના



વિજ્ઞાન જગત

ડૉ. જે.જે. રાવલ

પૃથ્વી-વસુંધરા એટલે પ્રકૃતિ અને પર્યાવરણ તેમાં વાયુમંડળ, પહાડો, નદીઓ, વન - ઉપવન - વાડીઓ - ખેતરો - રણો બધાંનો જ સમાવેશ થાય પ્રકૃતિ અને પર્યાવરણ સુંદર - ભવ્ય અને સ્વચ્છ હોય તો જ પૃથ્વી પરનું જન-જીવન જીવવા યોગ્ય બને સુંદર બને, પ્રકૃતિ અને પર્યાવરણમાં પશુ-પંખી અને પ્રાણીઓનો પણ જબ્બર આંક છે. તે જેટલા મનમોહક લાગે છે તેટલા નિર્દોષ નથી. માનવજીવનને તે સુખ પણ આપે છે અને દુઃખ પણ આપે છે. મોર, પોપટ, ચકલી, કબૂતર, કાગડા, જાત-જાતના ચકલી જેવા રંગબેરંગી પંખીઓ કેટલો સુખદ અનુભવ કરાવે છે. તેમના અવાજો જાણે સંગીતનો ખજાનો. તેમ છતાં તે રોગવાહક તો ખરાં જ. આ બધા રહેવાસીઓ તો વનના છે પણ કોઈ કારણે તેઓ ગામ અને શહેરમાં આવી ગયાં છે. તેમણે તેમના કુદરતી રહેઠાણો છોડી દીધાં છે. આમાં માનવીનો જ વાંક છે, તે આ બધાને બચાવવાના બહાના તળે ગામમાં લઈ આવ્યાં અને તેમને પણ નાંખવાની શરૂઆત કરી. તેઓ વ્યક્તિગત તેમની અગાસીમાં, બાલ્કનીમાં કે બારીમાં આ પંખીઓને ચણ આપે અને અહિંસાની ભાવના રાખે તે ઠીક છે પણ મન ફાવે તેમ રસ્તા પર કે ચોકમાં કબૂતરને ચણ નાખી અને જીવદયાની વાત કરે તે ઠીક નથી. અહિંસાની વાત કરે તે ઠીક નથી. જીવદયાવાળા, વનનું પંખી પારેવડાને શહેરના ચોકમાં અને ગલીમાં લઈ આવ્યાં છે. કબૂતરો કેટલાય રોગના વાહક છે. તેમનું ચરક કેટલાય રોગોનો ફેલાવો કરે છે.

કબૂતરની લીધે અને દાણાને લીધે, ઉંદર, ખિસકોલી, બિલાડી, કૂતરા, વાનરો વગેરે પણ કબૂતરને ખાવા કે દાણા ખાવા આકર્ષાય છે અને ગંદકી અને રોગોના ફેલાવામાં વધારો કરે છે. તેના મળ-મૂત્રો રોગો ફેલાવે છે તો શા માટે લોકોએ આવી જીવદયા કરવી જોઈએ?

જેમ ભિખારીઓને ખાવાનું આપી, પૈસા આપી આપણે સમાજમાં એક અનિષ્ટ ઉત્પન્ન કર્તું છે અને ચીપિયો પછાડનારા બાબાઓને આપણે પોષીએ છીએ, એ જ પ્રકારની આ કબૂતરોને પોષવાની વાત છે, આ પંખીઓને પોષવાની વાત છે. શું આપણે વાઘ, દીપડો કે સિંહને ઘરમાં રાખવા તૈયાર થશું? તો શા માટે કબૂતર જેવા પંખીને આપણે તેમના ઘર છોડાવી ગામમાં લઈ આવ્યાં છીએ? સાપ, વીંછી, કાચીંડા, ગરોળી વગેરેને શું આપણે આપણા ઘરમાં લઈ આવીશું? જો જીવદયા કરવી જ હોય તો પ્રથમ તમે તમારી આજુબાજુના મોભાદાર, ખાનદાન પણ ગરીબ કુટુંબ તરફ જુઓ. એક તપેલી દાણા નાંખી કબૂતરોને રોગ ફેલાવવા પ્રોત્સાહન આપવાની જરૂર નથી. પશુ - પંખી પ્રાણીઓ તેમની કુદરતી જગ્યાએ જ રહે તે માટે પ્રયત્ન કરો. આ જગતનો નિયમ જ જીવવા અને મરવાનો અને તેની ઘટમાળમાં જ આ જીવ-જગત છે. જીવદયાને ખોટો અંચળો ઓઢવાની જરૂર નથી.

રસ્તામાં ચણ ચણતાં કબૂતરો કે પંખીઓ પોતાનું તો મૃત્યુ નોતરે છે પણ આવતા-જતાં વાહનો માણસોને પણ ઉપદ્રવકારી નીવડે છે- બધા પશુ - પંખી - પ્રાણી - માનવી - માછલા બધાને જ સંખ્યાની સીમા હોય છે. કુદરત તે સીમા જાળવે છે જ. કુદરત કુદરતનું કાર્ય કરે છે જ આપણે જીવદયા કરવાવાળા કોણ? આપણે અજુગતી એ બધી જવાબદારી લેવાની જરૂર નથી. જગતમાં કોઈના આશ્રયદાતા બનવાની જરૂર નથી. એ પણ એક અભિમાન જ છે.

જીવદયાવાળા લોકો કબૂતરોને ચણ નાંખવું તે ક્રિયાને ધર્મ સામે જોડે છે. ધર્મ પણ નિરપેક્ષ નથી. તે સાપેક્ષ છે. કબૂતરોની જીવદયા કરવી હોય તો ગામની બહાર કે શહેરની બહાર જઈ શાંતિથી કરી શકાય છે. એ કોણ કરે? એ તસ્દી કોણ લે? તેમને તો ઘરઆંગણે ચપટી દાણા નાંખી જીવદયા કરવી જ છે. એક કરે એટલે એ ક્ષેત્રમાં બીજા કરે. બધાં જ ચપટી દાણા નાંખી આ કૃત્યને વધારે. ઘરમાં પ્રાણીના કુંડા અને ચણના સિક્કા બાંધી જીવદયા કરોને કોણ ના પડે છે? પણ આ સાર્વજનિક જગ્યાએ આ દૂષણ ફેલાવવાની બધાને કોણે મંજૂરી આપી છે? પાપ - પૂણ્ય - સ્વર્ગ - નરક ધર્મની વ્યાખ્યા તો જાણો? આપણે દરરોજ સ્નાન કરીને ઈશ્વરને યાદ કરતા હોઈએ અને ટ્રેનની કાશ્મીરથી કન્યાકુમારીની





લાંબી યાત્રા હોય તો શું આપણે ટ્રેઈનમાં સ્નાન કરવાના છીએ? ટ્રેઈનમાં સ્નાન કર્યા વગર ખાવું તે અધર્મ નથી થઈ જતો. તે જ શરીર માટે ધર્મ છે, જેમાં ભૂખ્યા ન રહી શક્તા હોય, જીવદયા એટલે તમે જીવો અને બીજાને જીવવવા દો. કોરોના વાઈરસ કુદરતનો એક પયગામ લઈને આવ્યો છે, પ્રભુનો એક પયગામ લઈને આવ્યો છે. તેને સમજો.

ચરકસંહિતા પ્રમાણે એવા સૂક્ષ્મ જીવાણુ બેકટેરીયા છે જે સંસર્ગથી રોગને ફેલાવે છે આવો રોગ ફેલાતો હોય ત્યારે ઘરમાં હર્બલ ધૂપ કરવો યોગ્ય ગણાય. પુરાતન જમાનામાં ઘરમાં હવન થતાં તેને કોઈ અર્થ મળતો માલૂમ પડે છે. એ પણ સ્પષ્ટ થાય છે કે જ્યાં સ્વચ્છતા જાળવવામાં ધ્યાન નથી અપાયું ત્યાં આ મહામારી વધુ ફેલાઈ છે.

કોરોના વાઈરસે આખી દુનિયા ધોળે દિવસે તારા દર્શાવ્યા છે. આ વાઈરસ કયાંથી ઉત્પન્ન થયો, કેવી રીતે ફેલાયો, તેને ડામવા ખરેખર શું કરવું તે કોઈ જાણતું નથી. માનવીનું વામનપણું ફરીથી દેખાઈ આવે છે. પૃથ્વી આપણને ઘણી રીતે સંકેત આપતી રહી છે પણ માનવજાત તે સમજવા માગતી જ નથી તેનો આ સંકેત છે.

કોરોના આપણને સંદેશ આપે છે કે પૃથ્વીના માણસો, પૃથ્વી પરનું જીવન એક છે, માટે શાંતિ અને સુમેળતાથી રહો, કુદરતની કાળજી રાખી જીવો, ઓછી જરૂરિયાતથી જીવો, એકઠા રહો તેમ છતાં અંતર રાખીને જીવો. ગીતાના જ્ઞાનને જીવનમાં ઉતારી જીવો. કોરોના કોઈ એક દેશ પર બીજા દેશનું યુદ્ધ કે ચઢાઈ નથી, પણ દરેકે દરેક માનવી અને બધી જ પ્રકારના જીવન સાથે યુદ્ધ છે. આપણને કોરોના વિશ્વરૂપ દર્શન કરાવે છે.